# પ્રાંતિજ પોલીસે નદીના કોતરમાંથી ત્રણ લાખથી વધુનો દારૂ પકડ્યો

પ્રાંતિજ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સીતવાડા નવપુરા ખાતે આવેલ સાબરમતી નદીની કોતરોમાંથી પ્રાંતિજ પોલીસે ખાનગી બાતમીના આધારે ૩,૩,૯૨૦નો વિદેશીદારૂ સાથે એકની અટકાયત કરી હતી. અન્ય સાત વિરૂધ્ધ ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી હતી.

પ્રાંતિજના સીતવાડા નવાપુરા ખાતે આવેલ હનુમાનજીના મંદિર પાછળ આવેલ સાબરમતી નદીની કોતરોમાં વિદેશી દારૂનું કટીંગ થતું હોવાનું પ્રાંતિજ પોલિસને સમાચાર મળતાં પ્રાંતિજ પીઆઇ એસ.કે. બ્રહ્મભટ્ટના માર્ગદર્શન હેઠળ પ્રાંતિજ પોલીસ સબ ઈન્સ્પેક્ટર દ્વારા તે જગ્યાએ રાત્રીના ત્રણ કલાકે પોલીસ કોન્સ્ટેબલો માનસિંહ, કિરીટભાઈ, અશોકભાઈ, કાનજીભાઈ વગેરે પોલીસ ટીમ દ્વારા રેડ કરતા સ્થળ ઉપરથી રેડ દરમ્યાન વિદેશી દારૂ સહિત એક આરોપી વિરપાલસિંહની અટકાયત કરવામાં આવતા બીજા સાત વિરૂધ્ધ ગુનો નોધી આગળની તપાસ હાથ ધરવામા આવી હતી.



જેમાં પોલીસે વગર પાસ પરમીટ વ્હીસ્કીના માર્કાની ૭૫૦મીલી બોટલ ૧૬૮ જેની કિંમત ૮૪,૦૦૦ તથા બેગ પાઈપર વ્હીસ્કીની ૭૫૦ મીલી કાચની બોટલ ૩૭૨ જેની કિંમત ૧,૮૬,૦૦૦ તથા હેવર્ડ ફાયુથાવજન બિયર ટીન ૫૦૦ મીલી નંગ ૨૮૮ જેની કિંમત ૨૮,૮૦૦ તથા સ્ટીલની બરણી જેની કિંમત ૧૦૦ તથા સ્ટીલનો લોટો જેની કિંમત ૨૦ તથા મોબાઇલ એક જેની કિંમત ૫૦૦૦ મળી કુલ ૩,૦૩૯૨૦નો મુદ્દામાલ જપ્ત કરી વિરપાલસિહ રાઠોડની અટકાયત કરી સુરપાલસિંહ ઉર્ફે બકો ચંદનસિંહ રાઠોડ રહે. સીતવાડા તથા રાજુભાઈ રહે.અમદાવાદ તથા પેરશસિંહ જગતસિંહ મકવાણા તથા વિનોદ રમેશભાઇ વાઘરી તથા રવિદ્રકુમાર બિપીનભાઈ નાયક તથા ગાભુસિંહ મોતીસિંહ ઝાલા તમામે તમામ રહે. સીતવાડા તથા એલ.પી. ગાડીનો ચાલક જેનું નામ સરનામુ મળેલ નથી, વિરૂધ્ધ પ્રોહીબીશન ગુ.ર.નં ૪૮/૨૦૧૯ પ્રોહીબીશન એક્ટ કલમ- ૬૫ઈ, ૧૧૬ બી, ૮૧ મુજબ પ્રાંતિજ પોલીસે ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી છે.

# મોડાસાના દધાલિયા પંથકમાં કમોસમી વરસાદી છાંટાથી ખેડૂતો ચિંતિત

મોડાસા, તા. ૧૭

હવામાનમાં સતત પલટો આવતા ખેડૂતોમાં દહેશત પેદા થઇ છે. અરવલ્લી જીલ્લામાં સૂર્યદેવ અને વાદળોની સંતાકૂકડી વચ્ચે શનિવારે રાત્રે મોડાસા તાલુકાના દધાલિયા પંથકમાં કમોસમી વરસાદના છાંટા પડતા ખેડૂતોના જીવ પડીકે બંધાયા હતા. ઉનાળાની શરૂઆતમાં સતત માવઠાની દહેશત રવિ પાક સહીત તળબુચ, ટેટી અને પપૈયાના પાકને નુકશાન જવાની ભીતિ સેવાઈ રહી છે.

મોડાસા તાલુકાના દધાલિયા, વરથુ, મોતીપુરા, જંબુસર, હઠીપુરા, ઉમેદપુર સહિતના ગ્રામ્ય વિસ્તારમાં શનિવારે રાત્રીના સુમારે વરસાદી છાંટા પડતા ઘઉં, મકાઈ, ચણા, જીરું સહિતના પાકો નુકશાનીની ભીતિ પેદા થઈ હતી. ખેતરોમાં કાપીને ઘઉંના પાકના ઢગલા કરી કાઢવાની રાહ જોઈ રહેલા ઘઉંના પાકમાં ખતરો ઉભો થતા ખેડૂતોના જીવ તાળવે ચોંટ્યા હતા. અચાનક શરૂ થયેલા વરસાદી ફોરાથી વધુ એકવાર કુદરતની થપાટથી મહામહેનતે



પકવેલો પાક નિષ્ફળ જવાની દહેશત પેદા થતા ખેડૂતોના જીવ તાળવે ચોંટ્યા હતા. હજુ અરવલ્લી જીલ્લામાં ઘઉંના ખેતરોમાં પાક તૈયાર થઈને ઉભો છે ત્યારે સતત બદલાતા વાતાવરણથી ભૂમિપુત્રોમાં અજંપાભરી સ્થિતિ પ્રવર્તી રહી છે.

# રિક્ષાચાલકનો પક્ષીઓ પ્રત્યે અનોખો પ્રેમ

કાંકરેજ તાલુકાના માનપુર ગામના વતની એવા ઠાકોર વદનજી અજમલજી નિત્ય કર્મ મુજબ પોતાની આવકમાંથી પક્ષીઓને ચણ નાંખી એક આગવી શૈલીમાં પોતાના જીવનમાં સુખ શાંતિ માટે પ્રયાસ કરી બીજા લોકોને માનવ જીવન ભોગવવી રહેલા સુખને પક્ષીઓ માટે ચણ નાંખી સંદેશ આપે છે.



જુઓ એક જીવનમાં સુખ સમૃદ્ધિ ધન દોલત તો ઘણા લોકો માટે એક ભૌતિક સુખ પ્રાપ્ત કરવામાં વપરાય છે ત્યારે એક રીક્ષા ચાલક પોતાના હાથમાં સેવના પેકેટ લઈ અબોલ પક્ષીઓ કાબરને ચણ નાખીને ખવડાવી રહ્યો છે તે સમયે એક વખત આપણે આપણા જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા માટે અનેક પ્રકારની વસ્તુઓ સમસ્યાઓ દૂર કરવા માટે પુર્ણનો રસ્તો અપનાવી લે છે અને ધર્મના આધારે પક્ષીઓને ચણ નાખવું એક લ્હાવો આ રીક્ષાચાલક દરોજ એક વખત કબરોને સેવનો ખોરાક આપી પોતાના જીવનમાં સુખ અનુભવી રહ્યા છે ત્યારે એકવાર આવુ પક્ષીઓને ચણ નાંખી અનુભવ કર્યો હોય તો અનેરી ખુશી પ્રાપ્ત થશે. પક્ષીઓ સાથે અનોખો પ્રેમ એટલે માનવ ધર્મ વિશે તાજેતરમાં એક વખત આપણે પણ આવું કરવાથી પુર્ણ કરી આનંદનો અનુભવ કરી શકાય છે.

# અરવલ્લી જિલ્લામાં હોળીની ઉજવણીનો આરંભ

અરવલ્લી જીલ્લાના મેઘરજના આદિવાસી વિસ્તારના કંટાળુ ગામે આમળી અગિયારસનાં મેળાની ઉજવણી સાથે તહેવારની શરૂઆત કરી મેળા રસિકો હજારોની સંખ્યામાં ઉમટતાં નવાગામમાં દિવસભર ચક્કાજામની સ્થિતિ જોવા મળે છે. મેળા યોજાતાં પર્વની જમાવટ અરવલ્લી જીલ્લામાં આમલી અગિયારસનાં મેળા સાથે હોળીના તહેવારનો પ્રારંભ થાય છે. કંટાળુ હનુમાનજી મંદિરે યોજાયેલા મેળામાં મોટું મહેરામણ દિવસભર ઠેર ઠેર ચક્કાજામની પરિસ્થિતિ સર્જાઇ હતી. ફાગણ સુદ અગિયારસનાં રોજ વહેલી સવારથી જ આજુબાજુના વિસ્તારમાંથી ઢોલ ત્રાસાના તાલે નાચતા કુદતાં મેળા રસિકો કંટાળુ હનુમાનજી મંદિરના મેદાન તરફ જતાં જોવા મળ્યા હતા અને આદિવાસી પરંપરા પ્રમાણે લગ્નની પહેલી આમળી અગયારસે કંટાળુ હનુમાનજી મંદિર આજુબાજુ પરિભ્રમણા કરે છે. આજે હજારોની સંખ્યામાં માનવ મેદની મેળાનો ઉત્સાહ માણવા એકઠી થતાં દિવસભર નવાગામ હકડેઠઠ ભીડ જોવા મળી હતી. ત્યારે મેળા રસિકોએ ચકડોળ, ઝુલા, મોતનો કૂવો રમતગમતના સાધનોનો ભરપૂર લાભ ઉઠાવ્યો હતો.

# શામળાજી અણસોલ ગામ નજીક સ્કોર્પિઓમાંથી ૩.૩૮ લાખનો દારૂ સાથે હરિયાણાના બે ઝડપાયા

શામળાજી, તા. ૧૭

ગાંધીના ગુજરાતમાં હોળી-ધુળેટીના તહેવારમાં કેટલાક દારૂના શોખીનો રંગે રંગાવાની સાથે વિદેશી દારૂની મહેફિલ માણી ઝુમતા હોવાથી વિદેશી દારૂની માંગમાં મોટા પ્રમાણમાં વધારો થતો હોય છે. બુટલેગરો દારૂની હેરાફેરીમાં લકઝુરિયસ વાહનોનો ઉપયોગ કરી પોલીસની આંખમાં ધૂળ નાખતા હોય છે. શામળાજી પોલીસે અણસોલ ગામની નજીકથી પસાર થતી ન્યુ-બ્રાન્ડેડ સ્કોર્પિઓ કારમાંથી ૩.૩૮ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડી હરિયાણાના ૨ યુવા બુટલેગરને જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

શામળાજી પીએસઆઈ કેતન વ્યાસ અને તેમની ટીમે રતનપુર ચેકપોસ્ટ નજીક નાકાબંધી કરી રાજસ્થાન તરફથી આવતા નાના-મોટા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા અણસોલ ગામની સીમમાંથી પસાર થતી સ્કોર્પિઓ (ગાડી.નં.ડીએલ.૧.એનએ.૨૯૦૫) ને અટકાવી તલાસી લેતા સ્કોર્પિઓ ગાડીમાં સંતાડીને રાખેલી વિદેશી દારૂની પેટી-૯૪ બોટલ નંગ-૧૧૨૮ કીં.



રૂ.૩૩૮૪૦૦નો જથ્થો જપ્ત કરી બીરભાન રણધીરસિંગ જાટ અને અનિલ દલબીર પંડિત (બંને. રહે ગોસાઈ ખેડા, હરિયાણા)ની ધરપકડ કરી સ્કોર્પિઓની કીં. ૫૦૦૦૦૦ થતા મોબાઈલ નંગ-૨ કીં. રૂ.૪૦૦૦ મળી કુલ રૂ. ૮૪૨૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરી વિદેશી દારૂ ભરી આપનાર હરિયાણાના જુલાનાના બુટલેગર આશિષ ઉર્ફે છોટી સામલો વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. શામળાજી તરફથી આવનારો વિદેશી દારૂ ક્યાં જવાનો હતો...? તેની તપાસ પોલીસે હાથ ધરી હતી.



## ધનસુરામાં ફૂલડોલ ઉત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરાઈ

ધનસુરામાં હોળી ધૂળેટી પહેલા ભવ્ય રીતે ફૂલડોલ ઉત્સવની ઉજવણી કરાય છે. આ વર્ષે પણ ભવ્ય રીતે ફૂલડોલ ઉત્સવની ઉજવણી કરાઈ હતી. ધનસુરામાં ભગવાન શ્રી કૃષ્ણની હવેલીથી ઢોલ નગારાના તાલ સાથે ભગવાનની પાલખી યાત્રા ગામના બગીચામાં લાવવામાં આવી હતી. ત્યારબાદ ધૂમધામપૂર્વક ફૂલડોલ ઉત્સવની ઉજવણી કરાઈ હતી. વૈષ્ણવજનો દ્વારા ભજન કિર્તન કરી અબીલ-ગુલાલ, ફૂલ તથા કેશુડાના સંગે ફૂલડોલ ઉત્સવની ઉજવણીની કરાઈ હતી. ત્યાર બાદ ભગવાનની પાલખી યાત્રા બગીચાથી હવેલી ખાતે પહોંચી હતી. જેમાં મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા.

# કાંકરેજ તાલુકાના વેપારી મથક થરામાંથી બિન કાયદેસરનો કોલસો ઝડપાયો

કાંકરેજ, તા.૧૭

પાલનપુર વન વિભાગના અધિકારીઓ દ્વારા ઓચિંતી તપાસમાં લાખો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવતાં કાળા કોલસાના વેપારીઓ ભૂગર્ભમાં આવા બે નંબરનો ધંધો કરવાવાળામાં ફફડાટ ફેલાયો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર નાયબ વન સંરક્ષક ડૉય જી.એસ. સિંહાના માર્ગદર્શન હેઠળ બનાસકાંઠા વનવિભાગની ટીમ દ્વારા કાંકરેજ તાલુકાના થરામા ભાભર રોડથી રાણકપુર બાજુ આવેલા એક ગોઠાઉનમાથી કોલશાનો બીન કાયદેરસ રીતે વેપાર કરતા ઝડપી પાડવામાં આવ્યો હતો તેમજ એક સો મિલને પણ સીલ કરવામા આવી હતી. થરામા ભાભર રોડથી થોડે આગળ રાણકપુર બાજુ પાલુનપુર રાધનપુર રોડ પાસે રાત્રીના સમયે વનવિભાગની ટીમ આર.એલ. જલંધરા મદદનીશ વન સંરક્ષક, ટી.એસ. ચૌધરી થરાદ આર.એફ.ઓ. તેમજ દાંતીવાડા, અમીરગઢ, પાલનપુર, ઈકબાલગઢ સહીતના વનવિભાગના અધિકારીઓ અને તેમની ટીમ દ્વારા અચાનક થરા ખાતે ગોડાઉનમાં દરોડો પાડવામા



આવ્યો હતો. જેમા બીન કાયદેસ રીતે અંદાજે એક હજારથી બારસો બોરી કોલશો મળી આવ્યો હતો જેની અંદાજે કિમત સાડા ત્રણ લાખ જેટલી થવા જાય છે. જેમા વનવિભાગ અધિનીયમ મુજબ ૧૯૨૭ની કલમ ૨/૪ મુજબ કાયદેસર કાર્યવાહી કરવામા આવી છે. તેમજ આ તમામ કોલશો થરાદ વનવિભાગની કચેરી ખાતે મુકવા માટે તજવીજ હાથ ધરી હતી. આ તમામ કોલશો જીગરભાઈ ઠક્કરનો હોવાનું વનવિભાગ અધિકારીએ જણાવ્યું હતું. આજ ગોડાઉનમાંથી બીન કાયદેર રીતે અને લાઈસન્સ વિના ચાલતી સો મીલને પણ સીલ મારી સીજ કરવામા આવી હતી. તો હજુ પણ કાંકરેજ વિસ્તારમાં વનવિભાગના અધિકારી વધુ તપાસ કરે તો થરા, શિહોરી, ખિમણા, કંબોઈ સહીત કાંકરેજના તમામ વિસ્તારોમા બીન કાયદેરસ રીતે ચાલતી સો મીલો ઝડપાય તેમા કોય સંકાને સ્થાન નથી. ત્યારે હાલમા તો બીન કાયદેસર રીતે લાકડાનો ધંધો કરતા તમામ વિપારીઓમા ફફળાટ ફેલાયો છે.

# ધનસુરા તાલુકાના મગનપુરા જલારામ મંદિર ખાતે દિવ્યાંગ મતદાતા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ધનસુરા, તા.૧૭

જિલ્લામાં જિલ્લા ચૂંટણી અધિકારી એમ. નાગરાજનના માર્ગદર્શન હેઠળ મતદાન જાગૃતિના કાર્યક્રમ યોજાઈ રહ્યા છે.




ત્યારે ધનસુરા તાલુકાના મગનપુરા ખાતે આવેલ જલારામ મંદિર ખાતે દિવ્યાંગ મતદાતા જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. અરવલ્લી વહીવટીતંત્ર સાબરકાઠા અરવલ્લી ફિઝિકલી હેન્ડીકેપ્ડ વેલ્ફર મંડળ અને સમાજ સુરક્ષા વિભાગના સંકલનથી આ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ધનસુરા મામલતદાર મયંકકુમાર પટેલ (જી.એ.એસ.)એ ઉપસ્થિત રહી દિવ્યાંગ ભાઈ-બહેનોને મતદાન માટેની જરૂરી જાણકારી આપી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં દિવ્યાંગ ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા. દિવ્યાંગ ભાઈ બહેનોને ઈવીએમમાં મતદાન માટેનો ડેમો પણ બતાવવામાં આવ્યો હતો. ચૂંટણીમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે ચૂંટણીપંચ દ્વારા વિશેષ સુવિધાઓ આપવામાં આવનાર છે.

મતદાન માટે દિવ્યાંગ વ્યક્તિઓને ઘરેથી મતદાન મથકે લાવવા અને મતદાન બાદ ઘરે લઈ જવા માટે વાહનની સુવિધા, મતદાન માટેવ્હીલ ચેરની સુવિધા, મતદાન માટે સહાયકની સુવિધા આ તમામ બાબતોની દિવ્યાંગ ભાઈ બહેનોને જાણકારી આપવામાં આવી હતી. મામલતદાર મયંકકુમાર પટેલે દિવ્યાંગ ભાઈ બહેનોને વધુમાં વધુ મતદાન કરી લોકશાહીના આ પર્વમાં મોટી સંખ્યામાં ભાગ લેવા માટે જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં મયંકકુમાર. આર. પટેલ (જી.એ.એસ.) મામલતદાર ધનસુરા, જે.જે. પટેલ(નાયબ મામલતદાર મહેસુલ), વિનોદચંદ્ર બી. પટેલ (દિવ્યાંગ આગેવાન) અને સાબરકાંઠા અરવલ્લી ફીઝીકલી હેન્ડીકેપ્ડ વેલ્ફર મંડળના સભ્યો અને દિવ્યાંગ ભાઈ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મોટી ઈસરોલમાં સત્સંગ મેળાવડાની પૂર્ણાહુતિ, આત્માના અલૌકિક માર્ગે ભાવ સુધારીને ભવ સુધારીએ : પૂ. સંત રામજીબાપા

મોડાસા, તા.૧૭

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકાના મોટી ઈસરોલ ગામે ગ્રામજનો દ્વારા આત્મજ્ઞાની અમૂલ્ય અમૃતવચનોનું રસપાન કરાવતા આત્મજ્ઞાની સંત પૂ. રામજીબાપા (ધોલવાણી વાળા)એ બે દિવસીય મેળાવડા દરમિયાન માટે દાનની સરવાણી વહી હતી. જેમાં મોટી ઈસરોલ ગ્રામજનો દ્વારા પણ બન્ને સેવાઓ માટે એકત્ર થયેલી રકમ અને મુમુક્ષુઓ તરફથી



સંત પૂ. રામજીબાપા ધોલવાણી વાળાના સાનિધ્યે બે દિવસીય સત્સંગ મેળાવડાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેની આજરોજ પૂર્ણાહુતિ થઈ હતી. આત્માના અલૌકિક માર્ગે ભાવ સુધારીને ભવ સુધારવા જ આવા સત્સંગ મેળવડાઓ થાય છે. મોટી ઈસરોલ ગામે ૨૫થી વધુ ગામોમાંથી આવેલા મુમુક્ષુઓ અને સત્સંગી ભાઈબહેનોને પૂ.રામજીબાપા, પૂ.નાથા બાવજી અને શ્રીમદ જેસીંગબાપાના આત્માના કલ્યાણ માટે અને કર્તાપણાનો ભાવ ત્યજીને પોતાને ઓળખવા અને નિર્મોહી ભાવ કેળવવા ઉપર ખાસ ભાર મુક્યો હતો. સંસારમાં રહીને પણ મુક્ત થવાય છે પણ અંતર્મુખ થવાની તૈયારી જોઈએ. જે બાહ્ય જગતમાં નથી તે દિવ્યતા અંતર્મુખ થવાથી આપોઆપ પ્રગટે છે.

મોટી ઈસરોલ ગ્રામજનો દ્વારા આયોજિત આ મેળાવડામાં પાંજળાપોળ અને ગાંઠીયોલ ખાતેની પૂ.જેસીંગબાપા હોસ્પિટલ મળેલી રકમ પૂ. રામજીબાપાને અર્પણ કરી હતી. પૂ.બાવજીએ સર્વે સત્સંગીઓને અપીલ કરતા જણાવ્યું કે મોટી ઈસરોલ ગ્રામજનોએ સત્સંગ મેળવડાનું સરસ આયોજન કર્યુ છે અને આપે જે ગ્રહણ કર્યુ તે આચરણમાં મુકશો તો આ બધાના પ્રયાસો સાર્થક થશે.

આ સત્સંગ મેળાવડામાં આજુ બાજુના ગામડાઓનો મોટો સમુદાય મુમુક્ષુઓ, સત્સંગી ભાઈ-બહેનોએ બે દિવસ દરમિયાન ઉપસ્થિત રહીને સત્સંગનો લ્હાવો લીધો હતો.

# દધાલીયા નજીક બોરકંપા જંગલ વિસ્તારમાં ઝરખના નામના પ્રાણીના ધામા

મોડાસા, તા. ૧૭

મોડાસા તાલુકાના દધાલીયા નજીક બોરકંપા જંગલ વિસ્તારમાં ઝરખ નામના હિંસક પ્રાણીની હાજરીથી લોકોમાં ફફડાટ મચી જવા પામ્યો છે. બોરકંપાના રહેણાંક વિસ્તારમાં વારંવાર પાણી પીવા માટે આવતા ઝરખને જોતા જ ઘરના દરવાજા બંધ કરી દેવાની ફરજ પડેછે.

નાના બાળકોને શિકાર માટે ઉઠાવી જાવાની દહેશત હોવાથી જંગલ વિભાગના અધિકારી આ બાબતે ગંભીર નોંધ લઈ ઝરખને ઝડપી લઈ અન્ય જગ્યાએ સ્થળાંતર કરે એવી લોકોની માંગ ઉઠી છે. આ વિસ્તારના જંગલમાં દિપડો હોવાની પણ વાતો ચર્ચાઈ રહી છે. ભૂતકાળમાં અનેક પશુઓના મારણ કર્યા હોવાના કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે, ત્યારે બોરકંપાના રહીશ ભુપેન્દ્રસિંહ સીસોદીયાએ જણાવ્યું હતું કે અમારા કંપામાં ઝરખ વારંવાર પાણી પીવા માટે આવે છે.

અહીં નાના બાળકો છે ત્યારે બાળકો રમતા હોય તે દરમીયાન ઝરખ હુમલો કરી શિકાર માટે ઉઠાવી ના જાય તે માટેનો સતત ભય સતાવતો રહે છે.

વધુમાં જણાવ્યું હતું કે વન વિભાગના ઉચ્ચ અધિકારી આ બાબતની નોંધ લઈ ઝરખને ઝડપી લેવા માટેની કવાયત હાથ ધરવામાં આવે તે માટે અપીલ કરી હતી.

# પ્રાંતિજ ખાતે વિના મૂલ્યે સારવાર કેમ્પ યોજાયો

પ્રાંતિજ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વિનામુલ્યે સારવાર કેમ્પ યોજાયો. જેમાં આંખ, નાક-કાન, ગળા, ચામડીના રોગોના નિષ્ણાંત ડોક્ટરો દ્વારા ઉપસ્થિત રહીને વિનામુલ્યે સારવાર આપી હતી.

પ્રાંતિજ નાની ભાગોળ પટેલ સમાજની વાડી ખાતે લાયન્સ કલબ ઓફ ગાંધીનગર તથા લાયન્સ કર્ણાવતી શાંતાબેન વિષ્ણુભાઈ પટેલ આઈ હોસ્પિટલ ઓગણજના સહયોગથી અને સરકારી આયુર્વેદિક દવાખાનુ કરોલ તથા સ્વ. જગદીશભાઈ મગનભાઈ પટેલના સ્મરણાર્થે તેમજ જાયન્ટ્સ ગૃપ ઓફ પ્રાંતિજના ઉપક્રમે મફત નેત્ર, ચામડી, નાક કાન ગળાનો તથા ડાયાબીટીસ



નિદાન કેમ્પ યોજાયો. જેમાં ચામડીના રોગોના નિષ્ણાત ડોકટર અર્પિતાબેન પટેલ તથા નાક-કાન ગળાના નિષ્ણાત ડોકટર દર્શક ટી. ધરજીયા, દાંતના રોગોના નિષ્ણાત ડૉ.અશોક શુક્લ તથા આંખોના નિષ્ણાત ડોકટરો દ્વારા વિનામુલ્યે સેવાઓ આપી હતી. દર્દીઓને દવાઓ તથા ચશ્મા રાહત દરે આપવામાં આવી હતી તો લાયન્સ કલબ ઓફ ગાંધીનગર દ્વારા મોતીયાના દર્દીઓને વિનામુલ્યે નેત્રમણિ લાયન્સ કર્ણાવતી શાંતાબેન વિષ્ણુભાઈ પટેલ આઈ હોસ્પિટલ ઓગણજ ખાતે લઈજવામા આવશે અને ઓપરેશન કરી આપવામાં આવશે. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ ગીતાબેન પટેલ, નગરપાલિકા કોર્પોરેટર દિપ્તીબેન બ્રહ્મભટ્ટ, પ્રાંતિજ જાયન્ટસ સ્થાપક ડૉ.એન. કે. ડેરિયા, જાયન્ટ ગૃપ પ્રાંતિજ પ્રમુખ નિખીલભાઈ સુખડિયા, લાયન્સ કલબ ઓફ ગાંધીનગરની ટીમ તથા જાયન્ટસ ગૃપ ઓફ પ્રાંતિજના હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ સેવાઓ આપી હતી.